

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*નથી ગુણ કે સ્વભાવ, છતાં ઊંચાઈ જિરાફ જેવી,*
*નથી બળ કે બુદ્ધિ છતાં ડોક રાખે, જિરાફ જેવી,*
*જિરાફ જેવી દોડમાં ભરે છે પગલાં મોટાં મોટાં -*
*સૂણે ન કોઈ વાત, કાનની ઊંચાઈ, જિરાફ જેવી...*

હાઈકુ

*બંને કપાળે,*
*'ગોધરા' - 'કટોકટી'*
*છે કાળી ટીલી...*
*(તેરી બી ચૂપ ને...)*

*પહેર્યા કરે,*
*બધા પક્ષોનાં મ્હોરાં -*
*બાળ-રમત...*
*(હાર્દિક ખેલ)*

### ચિંતન

*ન તન્મિત્રં યસ્ય કોપાદ્બિભેતિ, યદ્વા મિત્રં શંકિતેનો પચર્યમ્ ।*
*યસ્મિન્મિત્રે પિતરીવાશ્વસીત તદ્વૈ મિત્રં સંગતાનીતરાણિ ॥*

ઉપરોક્ત શ્લોક વિદૂરનીતિમાંથી લેવામાં આવેલ છે.

જેના ક્રોધથી ડર લાગે અથવા તો શંકાયુક્ત મનથી જેની સેવા કરાય તે મિત્ર નથી. જે મિત્ર ઉપર પિતાની જેમ વિશ્વાસ મૂકી શકાય તે જ સાચો મિત્ર છે, બીજા તો માત્ર સાથીદાર છે...

ઘણીવાર, મિત્રો-વડીલો-સ્નેહી સમભાવી હૃદયવાળાં હોતા નથી. જે વ્યક્તિ સમ-સંવેદનશીલ હોય - નિખાલસ હોય તેને હૃદય ખોલી હૈયાની વાત કહી શકાય - પછી તે પતિ-પત્નીનો સંબંધ હોય કે માતા-પુત્રી, પિતા-પુત્ર આવા સંબંધો મૈત્રીપૂર્ણ હોવા જોઈએ. જો એ સંબંધ 'ધાક', 'ધમકી', 'ભય' થી નભતા હોય તો એમાં કદી પણ કાયમી પ્રેમ રહેતો નથી. પણ એક જાતની શિસ્તબદ્ધ - યાંત્રિકતા આવી જાય છે. એમાં 'પ્રેમ' કરતાં 'ધાક' ની અસર વિશેષ હોય છે.

સંબંધમાં હૃદયપૂર્વકની નિખાલસતા હોય એ જ સાચો સ્નેહ-મૈત્રી-પ્રેમ-વાત્સલ્ય.

### સુવિચાર

- મનની શુદ્ધતા વિચાર થકી અને આચારની શુદ્ધતા આહાર થકી છે - **ગુણવંત શાહ**
- જયાં જાણકારી બાજુ પર રહી જાય છે ત્યાંથી જ પ્રેમની શરુઆત થાય છે - **એસ. ભટ્ટાચાર્ય**
- જે ચીજો ને આપણે પ્રેમ કરીએ છીએ એનાથી જ ખબર પડે છે કે આપણે કોણ અને કેવા છીએ - **જીવનસૂત્ર**
- જીવદયાનું નાનું કામ પણ એક પગલું પ્રભુ તરફ જાય છે - **સંત રોબિન**
- ન્યાય ના કરશો... જેથી તમારો ન્યાય ન થાય - **બાઈબલ**
- જે પોતાના દિવસ (સમય) નો માલિક છે... તે જ માત્ર તવંગર છે - **ઈમર્સન**
- આજને મારવાની લાકડી તરીકે જ લોકો ગઈકાલનો ઉપયોગ કરે છે - **બર્નાડ શો**
- આજનું ઓષધ : મોઢામાં ચાંદા પડ્યા હોય તો મોળા દહીંનાં કોગળાં કરવાથી રાહત થાય છે

**(સંકલન : દિપક વી. આસરા)**

### બોધકથા

આંતર જ્ઞાતિનાં પ્રેમલગ્નોમાં આવનાર પુત્રવધુને પતિ સાથેનો પ્રેમ હોય પણ એ તેના પરિવાર સુધી પ્રેમથી ફેલાઈ શકતો નથી, કેટલીક 'ફરજ' સમજી નભાવી લે તે વાત અલગ છે, બાકી અન્યોને 'વડીલ' પ્રત્યે પ્રેમ-વાત્સલ્યની હૃદયપૂર્વકની સ્ફૂરણા ભાગ્યે જ થાય છે.

વિધુર, પ્રૌઢ, પિતા પોતાના પુત્રને દુકાનનો કારભાર સોંપી હવે આરામનું નિવૃત્ત જીવન જીવતા હતા. પોતાની રીતે ઘરમાં-પુત્રવધુ સ્વભાવ સાથે અનુકૂળ થઈ સુખી જિંદગી જીવતા હતા. એક દિવસ પિતા જમતા હતા-પુત્ર દુકાને આવ્યો. હાથપગ ધોતો હતો. ત્યાં પિતાએ પુત્રવધુ પાસે દહીં માગ્યું. વહું કહે નહીં નથી. છાસ કરી નાખી. પિતા કહે, કંઈ વાંધો નહીં - છાશ ચાલશે... પિતા જમીને આરામ કરવા ગયા. પતિ-પત્ની જમવા બેઠાં - બંને થાળીમાં 'દહીં'ની વાટકી જોઈ પુત્રને દુઃખ થયું. કંઈ બોલ્યો નહીં.

એકાદ માસ પછી પુત્રના ખૂબ આગ્રહવશ થઈ પિતા બીજાં લગ્ન માટે સંમત થયા. પુત્ર એ ઘર છોડી ભાડે ઘરમાં રહેવા ગયો અને દુકાનની ચાવી ફરી પિતાને આપી - હું કામ તો બધું કરીશ, પણ તમારા વાણોતર તરીકે - પગાર લઈશ... પિતાને આ કંઈ સમજાયું નહીં રડતાં રડતાં એણે કારણ પૂછ્યું મારી કંઈ ભૂલ થઈ છે? પુત્ર કહે ના બાપુજી ભૂલ તમારી નથી - મારી પત્નીને એક વાટકી દહીંની કિંમત સમજાવવા જ મેં આ બધું કર્યું છે. પત્ની સાંભળી ઘણું બધું સમજી ગઈ.

# તામિલનાડુમાં સત્તાની સાઠમારી

**તંત્રીસ્થાનેથી...**

તામિલનાડુમાં જયલલિતાના અવસાન પછી ઊભો થયેલો શૂન્યાવકાશ ધીરે ધીરે વિકરાળ બનતો જાય છે. અન્ના દ્રમુક પાર્ટીમાં જયલલિતા સર્વેસર્વા હતા એટલું જ નહીં, રજનીકાન્ત જેવા લોકપ્રિય અભિનેત પણ એમની સામે રાજકારણમાં પડવાનું સાહસન હોતા કરી શકયા. આખા પ્રદેશની પ્રજામાં 'અમ્મા' તરીકે પૂજાવા માંડ્યાં હતા. સવિશેષ ગરીબ પ્રજાજનો માટેના એમના કૂણા વલણને કારણે પ્રતિસ્પર્ધી ડીએમકેના રાજકીય વજૂદ સામે મોટો પડકાર ઊભો થયો હતો. સામાન્ય રીતે બેઉ પાર્ટીઓ વારાફરતી સત્તા પર આવતી રહે એવી પરંપરા સરજાઈ હતી, પરંતુ છેલ્લાં વર્ષો દરમિયાન અમ્માની લોકપ્રિયતા શિખરે પહોંચી હતી અને દ્રમુકના વડા કરુણાનિધિના પારિવારિક કલહ ઉપરાંત વિવિધ કૌભાંડોને કારણે જયલલિતાનું પલ્લું ભારે બની રહ્યું હતું. જયલલિતા સામે પણ જાણીતાં સ્રોતોની તુલનામાં અપ્રમાણસર મિલકત ધરાવતાં હોવાની તપાસ થઈ હતી અને લાંબા વખત સુખી એમને જેલવાસ પણ ભોગવવો પડ્યો હતો, પરંતુ આખરે એમની અપ્રતિમ લોકપ્રિયતાની સામે એમનો કહેવાતો ભ્રષ્ટાચાર હારી ગયો હતો. એમની અણધારી વિદાય પછી એમના સૌથી વિશ્વાસુ સાથી પનીરસેલ્વમ્ અને સખી શશીકલા વચ્ચે સત્તાની વારસાઈ માટેનો જંગલ જામ્યો છે. પનીરસેલ્વમ જયલલિતાના કહ્યાગરા સેવક બલકે હનુમાન જ હતા. આથી જયારે પણ જયાને એમની અંગત મુસીબતોને કારણે સત્તા છોડવાની નોબત આવી ત્યારે પનીરસેલ્વમના જ શિરે સરકારની જવાબદારી મૂકી અમ્મા નિશ્ચિંત થઈ જતાં. પરંતુ એમના અવસાન પછી શશીકલાએ પોતાના જયા સાથેના અંતરગત સંબંધોના આધારે અન્ના દ્રમુકના સંગટનમાં મહામંત્રી-સેક્રેટરી જનરલનું પદ અંકે કરી લીધું, એટલું જ નહીં, મુખ્યમંત્રી પદ માટે ધારાસભ્યોની બેઠક બોલાવીને પોતાના નામની દરખાસ્ત પણ કરાવી દીધી. ખુદ મુખ્યમંત્રી પનીરસેલ્વમે જ એ દરખાસ્ત મૂકીને તથા મુખ્યમંત્રીપદેથી રાજીનામું આપી દઈને શશીકલાનો માર્ગ મોકળો કરી આપ્યો હતો. પરંતુ પાછળથી સત્તાની સાઠમારી શરુ થતાં અને શશીકલા વિરુદ્ધ વ્યાપક લોકમત ઊભો થતાં એ જ પનીરસેલ્વમ હવે પોતાનું રાજીનામું રાજયપાલ વિદ્યાસાગર મંજૂર ન કરે અને શશીકલા નટરાજને મુખ્યમંત્રી તરીકે શપથ લેવડાવવાની દરખાસ્ત માન્ય ન કરે, એ મતલબની ચળવળ શરુ કરી દીધી છે. એમના સમર્થનમાં શશીકલા સામનો પ્રચંડ લોકમત તથા કમલ હાસન જેવા લોકપ્રિય અભિનેતાઓ આવી ગયા છે. પરંતુ હવે આખો મુદ્દો ટેકનિકલ બંધારણીય ગૂંચવાડામાં ફેરવાઈ ગયો છે. સુપ્રીમ કોર્ટે શશીકલા સામે અપ્રમાણસર મિલકત બાબતે થયેલી અરજીની સુનાવણી અગ્રતાક્રમે કરવાનો ઈનકાર કરી દીધો છે, એટલે રાજયપાલ વિદ્યાસાગર રાવ માટે તો બંધારણીય પદ્ધતિને અનુસરીને શશીકલાને મુખ્યમંત્રીપદના શપથ લેવડાવવા સિવાય બીજો વિકલ્પ જ બચતો નથી. અત્યારે મોટા ભાગના ધારાસભ્યો શશીકલાની 'કસ્ટડી'માં છે, જેમને તેઓ વિધાનસભાના સત્ર પ્રસંગે સામટા હાજર કરી દઈ પોતાની બહુમતી સિદ્ધ કરવા માગે છે. એમણે પીનરસેલ્વમ અને અન્ય એક સિનિયર નેતાને ગદ્દાર ગણાવ્યા છે તો બીજી તરફ પનીરસેલ્વમ્ મોટા ભાગાના ધારાસભ્યો એમને પોતાને સમર્થન આપશે અને ફલોર પર પોતે જ વિજયી બનશે એવી આશા રાખી રહ્યા છે. અન્ના દ્રમુકમાં ભાગલા નિશ્ચિત છે. ગુજરાતમાં કેશુભાઈ પટેલની સરકાર સામે થયેલ બળવા જેવી સ્થિતિનો સામનો શશીકલાને પણ કરવો પડે એવી સ્થિતિ સરજાઈ છે. એવા સંજોગોમાં કોંગ્રેસ ટાંપીને કોની સાથે બેસવું એની રાહ જોઈ રહી છે.

# દુર્લભ થયા - સાપના ખેલ અને મદારીઓ





**વનસૃષ્ટિનો પરિચય**
હેમંત સુથાર

લાંબો ઝભ્ભો, લુંગી અને માથે ફેંટો, કાનમાં કુંડળ, ગળામાં છીપલી, રંગબેરંગી મણકાની માળા, હાથમાં મોટા કડા, આંખોમાં કાળી મેશ આંજેલ, બધા આંગળામાં વીંટીઓ, આ ઓળખ છે સાપના ખેલના માહિર એવા મદારીઓની.

હજુ થોડા દસકાઓ પહેલાં શહેરો, નગરો અને ગામોનાં રસ્તાઓમાં અને ખુલ્લાં ભાગોમાં માનવોની અવરજવર વચ્ચે, હાથમાં ડુગડુગી, ખભે વાંસની લાકડીની બંને તરફ વાંસના કરંડીયા મુકીને તેની વિશિષ્ટ બોલીથી ખેલ કરતાં મદારીઓ હવે જોવા મળવા દુર્લભ થઈ ગયા.

રાજપૂત હિન્દુ પિતા અને મુસ્લિમ માતાનો વંશવેલો એવા મદારી લોકો ભટકતા જાતિ (નોમેડીક ટ્રાઈબ) માં ગણાય છે. આ એવી જાતિ છે કે જે પરંપરાગત રીતે સાપ, કે જેમાં નાગ, અજગર, ભંફોળી, ખળચિતરો, ધામણ સમાવેશ થાય છે. ઉપરાંત વીંછી, ઘો, શેળો, નોળિયા, માંકડા અને રીંછ પણ ખરા... નો ખેલ કરનારા લોકોની કુશળ જાતિ.

મદારીઓને હિન્દીમાં 'સપેરાં' પણ કહે છે. હિન્દુ અને મુસ્લિમ બંને ધર્મોના રીત-રિવાજોનો સમન્વય એટલે મદારીઓની જાતિ સાપુકેલા. હિન્દી અને ગુજરાતી ભાષાની તેમની બોલી. જન્મ તથા લગ્ન જેવા પ્રસંગો હિન્દુ રીતિ પ્રમાણે ઉજવાય છે અને અંતિમવિધિ મૃતદેહને દફન કરીને મુસ્લિમ રિવાજ પ્રણામે થાય છે. તેમના ગુરુ બાબા ગુલામ મીર (ગુલામગર નાથ) ચરખી ડાભરી, હરિયાણા ખાતે તેઓનું મંદિર છે. જયાં સમગ્ર દેશમાંથી વર્ષમાં એકવાર બધા જ મદારીઓ એકત્ર થાય છે.

મદારીઓના સાપના ખેલનો મુખ્ય હીરો નાગ કહી શકાય. બીજા બધા સાપ બતાવે પણ નાગ બતાવે ત્યારે જર અને ઉત્સુકતા ઊભી કરીને કરંડીઓ ખોલે. કરંડીયાને પહેલેથી વારે વારે ટપારેલો હોઈ તેનું મોઢું ખોલે કે નાગ ફેણ ખોલીને બહાર દર્શન દે છે. ફેણધારી નાગને સતત એ જ સ્થિતિમાં રાખવા માટે કરંડીયાને વારેવારે ટપારતો રહે. સ્પષ્ટ, કુશળ બોલીની મદદ, વચ્ચે વચ્ચે ડુગડુગી વગાડતાં તે પ્રેક્ષકોનું આકર્ષણ જાળવી રાખે અને પછી તુરંત તેની પુંગી કે બીન વગાડે કયારેક વાંસળી પણ ખરી. બીન વગાડતી વખતે તેમાં સતત હચનચલન કરાવીને જાણે સાપને બીનના સંગીત પર નચાવતો હોય તેવું દશ્ય ખડું કરે.

બાળપણથી પિતા તથા વડીલો પાસેથી સાપ પકડવાની અને વિવિધ હાથચાલાકી કે કરતબો શીખી લે છે. નાગ જેવા ઝેરી સાપના આગળના બે ઝેર ઓકતાં દાંત ને કુશળતાથી દૂર કરવામાં આવે છે. તે કારણે ઝેરી ડંખનો ભય રહેતો નથી.

એક સમયે મનોરંજનનું લોકપ્રિય માધ્યમ એવા મદારીઓના ખેલની આજે જબરજસ્ત પડતી થઈ ચુકી છે. ખુબ જ અપવાદરૂપે નાના ગામડાઓણાં કયાંક-કયાંક છૂટાછવાયા મદારીઓના ખેલ થતાં જોવા મળે છે. આ માટેના બે મુખ્ય કારણો છે જેમાં એકતો ટી.વી. અને ફિલિમો જેવા દશ્ય-શ્રાવ્ય માધ્યમો તથા સરકાર દ્વારા જાહેર કરાયેલ વન્યજીવ (સંરક્ષણ) અધિનિયમ- ૧૯૭૨માં ગણી શકાય.

જીવદયા ક્ષેત્રે કાર્ય કરતાં લોકો અને સંસ્થાઓ હવે સર્પદર્શનના ખેલ કરતાં મદારીઓને તેવું કરતાં અટકાવ છે અને કાયદાકીય રીતે આ પ્રતિબંધિત કૃત્ય કરતાં મદારીઓ હવે ડરે છે.

જીવન ગુજરાનનો ફક્ત આ એક જ માર્ગ આ જાતિના લોકો માટે હતો. અશિક્ષિત, ગરીબ અને ભટકતું જીવન જીવતી આ જાતિના લોકો પાસે જમીન નથી અને ૯૪ ટકાથી વધુ લોકો ગરીબીની રેખા નીચે જીવે છે. રોજગારીના અભાવે આ કોમ્યુનિટીમા ભીખ માંગવી, કચરો વીણવો, વૈશ્યાવૃત્તિ, બાળમજૂરી જેવા કાર્યો કરવાની દયનીય સ્થિતિ આવી ગઈ છે. સરકાર તથા સમાજ તરફથી મદારીઓની ઉન્નતિ - રોજગારી માટેનાં પુરતાં પ્રયત્નો થવા જરુરી છે.

# સંસ્કાર, સાહસ, સમજણ અને શિક્ષણ આપતી સિરીયલ : પેશ્વા બાજીરાવ






**મોરપીંછના રંગ**
ડૉ. કનૈયાલાલ ભટ્ટ

૨૧મી સદીમાં બાળકોને સંસ્કાર આપવાની પરંપરા, પારિવારિક વ્યવસ્થા અને માધ્યમોનું સ્તર સાવ નીચે ઉતરતું જાય છે. આજે બાલક જન્મતાવેંત હાથમાં મોબાઈલ લઈને પોતાની કુમળી આંખોનું તેજ અને મગજનું તેજ ગુમાવીને યુવાન બનીને ગુગલ અને યૂ-ટુબની અગોચર દુનિયામાં રચ્યું પચ્યું રહે છે.

આવા સમયે સોની ટીવી પર ૨૩મી જાન્યુઆરી ૨૦૧૭થી સાંજે ૭.૩૦ થી શરુ થયેલી ભવ્ય ઐતિહાસિક ટીવી સિરિયલ 'પેશવા બાજીરાવ' એક નવા જોશ-જૂનુન લઈને આવે છે. એનો પ્રથમ દિવસનો એપિસોડ જ જોરદાર રહ્યો. ત્રણ સો વર્ષ પહેલાના ભારતના ભવ્ય ઈતિહાસની કરબતી આ સિરીયલમાં મોગલ સામ્રાજયની સામે વીરતાપૂર્વક લડનાર ભારતના ભડવીર બ્રાહ્મણયોદ્ધા. 'બાજીરાવ'ની શૌર્યભરી ગાથા એક નવી જ કલાત્મક દુનિયા લઈને આપણી સામે આવે છે.

'હર હર મહાદેવ'ના નારાથી આરંભાતી આ કથામાં 'ૐ નમઃ શિવાય' ના મંત્રોચ્ચારો દર્શાવે છે કે આ કથામાં બ્રાહ્મણત્વનું તેજ અને શૌર્ય પ્રગટ થવાનું છે. સત્તરની સદીમાં છત્રપતિ શિવાજી મહારાજે લીધેલા સ્વરાજના શપથ અને ૫૫ વર્ષ પછી એ જ શિવમંદિરમાં બાલાજી વિશ્વનાથ ભટ્ટની સ્વરાજ માટેની શિવપૂજા આ કથાનો માહોલ બાંધી આપે છે.

બાલાજી ભટ્ટ અને પત્ની રાધાભાઈની સગર્ભા અવસ્થા. એ ગામમાં રાત્રે થતો મોગલો દ્વારા હુમલો, આતંક અને આખું ગામ સળગાવી - લૂંટીને ભાગી જવું. આ બધું કેમેરાના ઉત્તમ એંગલોથી ખડી થયેલી દશ્યાવલિ... તો વળી ગામ બાળવાનું, રાત્રે ગાડું ચલાવવાનું વગેરે અદ્ભૂત દશ્યો હતા.

આ સિરીયલમાં ખૂબ જ ઉચ્ચકક્ષાનું સંશોધન થયું હોવાનું દેખાઈ રહ્યું છે. જેમ કે એ વખતની મરાઠી બ્રાહ્મણ પરિવારની પરંપરા, ઘરના ફળિયામાં તુલસી કયારો, સવાર-સાંજ તુલસી કયારે દીવો-પૂજા, બહારથી ઘરમાં પ્રવેશતા પહેલા હાથ-પગ અને મોં ધોઈને જ ઘરમાં પ્રવેશવું, એ સમયમાં વાણસો, ઘરની બાંધણી, રાચરચીલું વસ્ત્ર-આભૂષણો - આ બધું સંશોધનાત્મક દષ્ટિકોણથી વાસ્તવરુપ લાગે એ રીતે પ્રસ્તુત થાય છે એ વખતની પાઠ શાળાઓ, શિક્ષણ આપવાની પ્રથા-જડતા અને શિક્ષકની આજ્ઞા ઉલંઘનથી મલતી સોટીની સજા... આ બધું આજની પેઢીને જોવા મળે છે. બીજી તરફ મોગલ રાજા ઔરંગઝેબની કેદમાં સાહુજીની સ્થિત. તેમના પર આચરવામાં આવતી માનસિક કુરતા અને કુટનીતિ.

આ સિરીયલનું સૌથી મોટું જમા પાસુ હોય તો તે છે આજની નવી પેઢીને એમાંથી મળતાં સંસ્કાર, શિક્ષણ અને કઠિનમાં કઠિન લક્ષ્યાંકો સામે લડવાની હિંમત-પ્રેરણા, બાલાજી ભટ્ટ અને રાધાબાઈ દ્વારા બાજીનો થતો ઉછેર, એમના દ્વારા બાજીને અપાતી શિક્ષા-સંસ્કાર આજના પ્રત્યેક માતા-પિતાએ પણ જોવા-સમજવા જેવા છે. આ સિરીયલ જોવાની આજના મા-બાપને સમજાશે કે પોતાનું આઠ-દસ વર્ષનું બાળક હાથમાં એન્ડ્રોઈડ મોબાઈલ લઈને ફરે છે તે કંઈ દિશામાં જઈ રહ્યું છે. માત્ર સંતાનોની તમામ જરૂરિયાતોથી પૈસાથી પૂરી કરી દેવી એ સાચો ઉછેર નથી. સારા કપડા પહેરાવવા, સારું ભોજન કરાવવુ અને કોઈ પણ પ્રકારના દુઃખ કે સંઘર્ષથી બાળકોને દૂર રાખવા એ સાચો ઉછેર નથી એ સાચું શિક્ષણ નથી. એક માતા સો શિક્ષકોની બરાબર છે. એ કહેવત 'રાધાબાઈ' દ્વારા સમજવી સરળ પડે છે. બાજીને અપાતું સ્વાભિમાનનું શિક્ષણ, સ્વાભિમાન અને અભિમાન વચ્ચેનો ભેદ, સત્ય-અસત્ય, વીરતા-છલ, શક્તિ અને ઝડપને બુદ્ધિ - આ બધું આ સિરીયલમાં સાવ મફતમાં જોવા - સમજવા મળે છે. પોતાના સંતાનોને જે શિક્ષણ આજની મમ્મીઓ આપી નથી શકતી એમણે સૌએ આ સિરીયલની રાધાબાઈના પાત્રનો જેવું. સમજવું જોઈએ પત્ની તરીકે, મા તરીકે રાધાબાઈ એક મહાન આદર્શ ઊભો કરે છે. બાલાજી અને રાધાભાઈનો અભિનય એકદમ વાસ્તવલક્ષી - ઉચ્ચ કોટિનો છે. અસંખ્ય જરૂરિયાતો તેઓ મૂક અભિનય દ્વારા આંખોથી કરે છે. પુત્ર બાજીના જન્મ વખતના પતિ-પત્નીના ભાવ એકદમ વાસ્તવિક હતા. તો વળી બાલાજી ભટ્ટ ઔરંગઝેબની છાવણીમાંથી પરત નહીં પરતા પરંપરા મુજબ ત્યાંના પંડિત રાધાબાઈને વિધવા જાહેર કરવા આવતા રાધાબાઈની પત્ની તરીકેની શ્રદ્ધા, તેજ અને સતિત્વ - એ પંડિતને અપાતો પડકાર જોતા અનુભવાયું છે કે આજની સ્ત્રીઓએ પોતાનામાંથી શું ગુમાવ્યું છે. રાધાબાઈ પંડિત 'પંત'ને સ્પષ્ટ સંભળાવી દે છે કે 'કળિયુગ' આપકે લિયે આયા હોગા પંત, મેરે લિયે નહિ,' સ્ત્રીત્વનું આ તેજ અને શ્રદ્ધા આજે ફેસબુક અને વોટ્સએપની દુનિયામાં કયાંક વિલિન થઈ ગયા છે.

આ સિરીયલની કથા ગૂંથણી પણ સરળ રીતે થઈ છે. કથા ત્રણ બિંદુઓથી આગળ વધે છે. એક બાલાજી રાધાબાઈનું ઘર, ગામ, શાળા અને બાજીનો થતો ઉછેર બીજી તરફ તારા રાની સાહેબની હૂકુમત - સંઘર્ષ અને રાજનીતિ તો ત્રીજી તરફ ઔરંગઝેબની ક્રૂરનીતિ - આ ત્રણેય પરિસ્થિતિ વચ્ચે બાજીનો ઉછેર એનામાં પ્રવેશતું નાયકત્વ - એની વિકસતી લીડરશીપ કથાને રોચક, રોમાંચક અને રમણીય બનાવે છે.

આ સિરીયલની સફલતામાં એમના 'સ્ક્રીપ્ટ રાઈટરો'નું પણ મહત્ત્વનું યોગદાન ગણી શકાય. કેમ કે પ્રત્યે-સંવાદો એકદમ ટૂંકા અને ધારદાર છે એક એક શબ્દોમાંથી સંસ્કાર, સાહસ, શિક્ષણ, સમજણના ઉત્તમ પાઠ મળે છે. થોડા ઉદાહરણ જોઈએ તો -

● એક સપના મર જાતે એ આંખે બંજર નહીં હો જાતી ● જો હાથ શાસ્ત્ર ઉઠાતે હૈ વો સમય આને પર શસ્ત્ર ભી ઊઠાતે છે. ● સંસ્કૃતિ કુવા નહીં નદી હોતી હૈ સમય કે સાથ બહને દીજીએ વો અપની રક્ષા સ્વયમ્ કરેગી ભી જો હઠી નહીં વો મરાઠી નહી. ● હારજીત લડાઈને નહીં મન મેં હોતી હૈ, માનલો તો હાર હૈ મન લો તો જીત હૈ ● અભિગમ કિસી કો આગે બઢને નહીં દેતા ઔર સ્વાભિમાન કિસી કો પીછે હટને નહીં દેતા. ● બચ્ચો કો કિસીસે ધૃણા કરના-નફરત કરના શિખાના કચ્ચી મિટ્ટીમેં જહર બોને જૈસા હૈ।

આવા અનેક ઉત્તમ સંવાદો ઘેર બેઠા જીવનનું મૂહામૂલું શિક્ષણ પીરસે છે. વચ્ચે વચ્ચે થતા મરાઠી સંબોધનો, ઉદ્ગારો અને વિશેષણો પાત્રો અને પ્રેક્ષકોને મીઠાશ આપે છે.

સિરિયલનું સંગીત પણ સરસ છે. શાસ્ત્રીય આલાપો અને બેકગ્રાઉન્ડમાં શ્લોકગાન તથા સંતૂર - જલતરંગ જેવા વાદ્યોનો ઉપયોગ પાત્રોના અભિનય અને પરિસ્થિતિને પ્રભાવી બનાવે છે. ડૉ. ચંદ્રપ્રકાશ દ્વિવેદી રચિત 'ચાણક્ય' સિરીયલના સંગીતના ઘણા ટૂકડા અહીં લેવામાં આવ્યા છે. જો કે પ્રસંગ અનુરુપ હોવાથી ખટકાતા નથી. પરંતુ સમગ્ર સંગીતમાં મરાઠીપન થોડું ઓછું દેખાય છે. મોગલાઈ વાજિંત્રોને વાદ્યો ઠીક છે.

- 9426060601.india@gmail.com

# પ્યાર કે પૈસા ? કે બન્ને ? — વસંતમાં વેલેન્ટાઈની કોશન...!



**રઝળપાટ**
અજય ઉપાધ્યાય

વેલેન્ટાઈન વિક પુરજોશમાં ચાલુ છે..! ગુલાબોની આપ-લે થી શરૂ કરીને ક્યાંક પ્રપોઝ તો ક્યાંક ચોકલેટના મધમીઠા બટકાઓ ભરાતા ભરાતા ટેડીની હેરાફેરી સમ્પૂર્ણ થઈ ગઈ હશે...! હજુ વચન આપવાનું... ચૂમવાનું...મસ્ત મજાની જપ્પી આપવાનું અને છેલ્લે ડેટ-બેટ જે કહેવાય તે ગમતીલા સાથે દિવસ ગાળવાનું બાકી છે....! કોઈએ સાચું જ કહ્યું છે કે ' પ્યાર દુનીયાકી સબસે જ્યાદા ખુશી દેનેવાલી ચીઝ હૈ! '...કોઈને પશ્ચિમની અસર લાગે કે કોઈને ગમતું અઠવાડિયું, જે હોય તે પણ ઈશ્ક ઓન એર છે...વેલેન્ટાઈન અને વસંત બંને આવી પહોચ્યા છે. પ્યાર, મહોબ્બત, ઈશ્કના અત્તરની ખુશ્બુઓ હવામાં અનુભવાય રહી છે. કોઈ પશ્ચિમી રીતથી ઉજવે કે કોઈ દેશી રીતથી 'મૈ તેનું સમજાવા કી, તેરે બીના નયો લગતા દિલ' કરે મૂળ મહત્વ તો છે પ્યાર — પ્રેમ — મુહોબ્બતનો ઈજહાર કરવાનું , એને એક્સપ્રેસ કરવાનું...!!! તમાર દિલની વાત સામેના દલડા સુધી કોઈ કનેક્શન કે ટાવર વગર પહોંચી જાય એ જ તો છે મેઈન મતબલ...બાકી બધું નકામું ભાય/બોન...!

સિલ્વર સ્કીન અને ટીવીના પડદાથી લઈને મેગેજીનો અને નવલકથાઓ ભરી પડી છે પ્યાર પ્યાર અને પ્યાર ના રાગો આલાપવામાં...! પ્યાર ઈબાદત હૈ...પ્યાર ખુબસુરત જજબાત હૈ...પ્યાર સબ કુછ હૈ થી લઈને પ્યાર નહિ તો કુછ ભી નહિ...!! પ્યારનું નામ આવે કે હિન્દી ફિલ્મોના એક એકથી ચડિયાતા ઈશ્કનુંમાં સંવાદો કાનમાં માંડે ઈકો સાઉન્ડમાં ગુંજવા..! વાત પણ સાચી જ છે ને... જિંદગીના મહત્વના થાંભલાઓમાંનો એક છે આ પ્રેમ નામનો થોમ્ભ્લો દિયોર...! પણ હકીકતમાં થાય શું કે જાલિમ જિંદગી એવી એવી કરવટો લેવા માંડે ને કે વેલેનટાઈન-ફેલેનટાઈન આજુબાજુમાં પણ ફરકે નહિ...! ગુલાબ ને ગજરા તો એકબાજુ રહી જાય પણ જ્યારે જિંદગીની સચ્ચાઈઓ ગેગેફેફે કરી મુકે ત્યારે ' મૈ ઈધર જાઉં કે ઉધર જાઉં 'જેવી દશામાં ત્રિભેટે ઉભા રહીને જાતને સવાલો પુછવા માંડે... પ્યાર સચ મેં સબ કુછ હોતા હૈ ક્યાં..?

'ઓફ કોર્સ....પ્રેમ એ જ જીવન છે...!' નેપથ્યમાંથી જવાબ મળે. હજુ તો હાશ કરો ત્યાં તમે જાતે ને જાતે જ બીજો સવાલ પૂછી મારો 'પ્રેમ જ જીવન હોય તો પછી પૈસા...?' કસમથી હવે તપલીક પડવાની બોસ્સ્સ્સસ...! વર્ષોથી અને સદીઓથી કોરી ખાતો પ્રશન છે અને બહોત કઠીન યેહ પ્રશ્ન હૈ ભૈયા કે પ્યાર જરૂરી છે કે પૈસા..? કે પછી બંને...? 'આ બન્ને ઓપ્શનવાળો સવાલ વાંચવો ગમે એટલો એનો જવાબ આપવો અઘરો છે...! અસલમાં એમ કહેવાય કે પૈસો છે તો ખુશિયા છે તો પછી પ્યાર છે તો ખુશિયા છે — એ સાચું કે ખોટું ? ચાલો સવાલને જરા ટ્વીસ્ટ કરીએ...., પૈસો હોય ત્યાં પ્યાર હોય કે પૈસો ના હોય ત્યાં પણ પ્યાર હોય કે પછી પૈસો હોય તો જ પ્યાર હોય...? લોલ્ઝઝ્ઝ્ઝ કન્ફૂસીંગ ચેપ્ટર આવી ગયું ને ભણવામાં...? હિન્દી ફિલ્મોમાં હિરોઈનનો બાપ પૈસા ભરેલી સુટકેસ હીરો તરફ ફેંકે ત્યારે ''બાબુજી, મેરે લિયા મીના કા પ્યાર હી દૌલત હૈ ઉસ મુહોબ્બત કે આગે આપકી બેશકીમતી દૌલતકી કોઈ કીમત નહિ '' જેવો તાળી-ઉઘરાવ ડાયલોગ જીન્કતો હીરો મને ને તમને અતિ પ્યારો લાગે, પણ સાલ્લ્લ્લું ફરી સવાલ એ જ ઉઠવાનો કી 'પૈસા જરૂરી છે કે પ્યાર...? કે પછી બન્ને...? ( ઓપ્શન હાજીર છે...લોલ્ઝઝ્ઝ્ઝ )

ઓકે, અઘરા સવાલને જરા ઈઝી કરીએ..! પ્યાર એટલે ખુશી — હેપ્પીનેસ અને પૈસો એટલે પણ ખુશી કે સુખ-સગવડ..અલ્ટીમેટલી એ પણ આમ તો હેપ્પીનેસ જ થઇ ને..! એમ કહેવાય છે કે પૈસાથી બધી જ ખુશીઓ ખરીદી શકાય છે, ઈટ મીન્સ કે પૈસાથી પ્યાર પણ ખરીદી શકાય? ઈન એન અધર વર્લ્ડ પૈસો અને પ્યાર શું એકબીજાના પુરક છે? શું એક જ સિક્કાની બે બાજુ છે? વેલેન્ટાઈન વિક ઓન એર છે અને વસંતનું આગમન થઈ રહ્યું છે ત્યારે એક સવાલ પૂછી જોવાની મજા આવશે... તમારે માટે શું મહત્વનું છે પૈસો કે પ્યાર...? જવાબવહી આવે એ પહેલા એક વાત લઈ લઈએ કે જીવનમાં પૈસાનું મહત્વ છે જ. પૈસો જીવનના અનેક તબક્કાઓ પર અસર કરે છે એ હકીકત છે, અને એમાંનો એક તબક્કો પ્યાર પણ હોય શકે...!

વિકેન્ડના છાપાઓમાં કે પછી મફતમાં ફળિયામાં ફેંકાતા ટેબ્લોઈડમાં ફોરેન રીટર્ન જયોતિષીઓની જાહેરાતમાં લખ્યું હોય છે ને કે ''શું તમારી પ્રેમિકા કે પ્રેમી તમારા પૈસાને તો પ્રેમ નથી કરતો કે કરતી ને? તમારા પ્રેમી જીવનનો હલ ઉકેલવા અને સાચા પ્યારને પામવા માટે સમ્પર્ક કરો..જ્યોતિષી ફલાણા ઢીંકણા...!' ઓહ યસ, આઈ એગ્રી કે પૈસાથી ખુશીઓ ખરીદી શક્કાય પણ જેને સાચો પ્રેમ કહી શકાય એ અનુભૂતિ ચોક્કસપણે ગમે એટલા પૈસા ખર્ચવા છતાં પણ નહિ જ મળે..! વીઝ-એ-વીઝ ખુશીની સાચી અનુભૂતિ તો ફક્ત પ્રેમ દ્વારા જ થઈ શકે, પ્રેમ જ એક એવી અનુભૂતિ છે કે જેનાથી 'નાણા વગરના નાથાલાલ' ને પણ ઓસ્સ્સસ્સ્મ ફીલીંગ આવી શકે..! મતલબ કે દિલો કી દુનિયામે, ઈશ્ક કી નગરીયામે નકદની કોઈ વેલ્યુ નથી...! મહાન ફિલસૂફ ઓશો કહી ગયા છે કે 'પ્રેમ આત્માનું ભોજન છે, જેમ ભોજન શરીરનું પોષણ કરે છે બિલકુલ એવી જ રીતે પ્રેમ આત્મામાં ખુશીઓનું વાવેતર કરે છે...'!

'યાર દિલદાર તુજે કૈસા ચાહીયે, પ્યાર ચાહિયે કી પૈસા ચાહિયે..?'હિન્દી ફિલ્મ છૈલાબાબુનું આ ગીત જ સાલું પેચીદું છે..! પ્યાર જરૂરી છે કે પૈસા એ નક્કી કરતા કરતા ઘણાને વાળમાં સફેદી આવી જતી હોય છે. બીએફ કે જીએફ પૈસાદાર હોય તો પ્રેમમાં વજન તો પડે જ કે નહિ? કીમતી ગિફ્ટો અને ખાલી હાથ આવતા લવરમાં ફેર લાગવાનો કે નહિ? સી ચમક-દમક અને ગ્લોસી જીવન જીવવું બધાને ગમતું જ હોય છે અને એમાયે આ તો પ્યાર જેવી રંગબેરંગી તિતલીની વાત, બટ નેચરલ છે કે પ્યારની સાથેસાથે પૈસાનું મહત્વ તો રહેવાનું જ. હા બની શકે કે અમુક વિરલા કે વિરલીઓ હોય શકે કે જેમને મન પૈસાનું મહત્વ પ્યારની સામે ઓછું હોય અથવા તો નગણ્ય હોય. પૈસાની એક જબરદસ્ત ફીદરત છે કે એ અચ્છો અચ્છોકી નિયત બદલ દેતા હૈ..! ભલભલા સંબંધોને પૈસા આગળ પાણી ભરતા જોયા છે. આજની મોહમાયાવાળી દુનિયામાં પૈસો ઘણા માટે ભગવાનથી પણ બઢકે જોવા મળે છે. નો ડાઉટ પ્રેમ છે તો જીવન છે, સંબંધો છે, હુંફ છે, લાગણી છે પણ સાથે સાથે એ વાતથી પણ નકાર કરી શકાય નહિ કે પ્યારવાલી જીંદગીમાં પૈસાનું કોઈ મહત્વ નથી.

ખાલી રૂપાળા છોકરા કે છોકરીની લગ્નમાર્કેટમાં વેલ્યુ કમાતા-ધમાતા ઉમેદવારોથી વધુ જ રહેવાની. લગન પહેલા કે પછી, લવ થયા પહેલા કે પછી ઉભયપક્ષો પૈસાને નજરઅંદાજ કરી જ નાં શકે. ઠીક છે બાપના પૈસે પ્યાર-વ્યાર ઉજવવામાં આ વિકટ પ્રશ્નો બહુ નડે નહિ પણ ખુદ કે પૈરો પે ખડે રહેને પર ખબર પડી જાય કે ખાલી પ્યારથી પેટ નથી જ ભરાતું. ઈવન

અનુસંધાન પાના નં. ૭ પર